## @ગાંધીનગર

● કોમી એકતા સપ્તાહ અંતર્ગત સમર્પણ મેડીટેશન કોર્પોરેટ ગ્રુપ તથા અખીલ આંજણા કેળવણી મંડળના સંયુકત ઉપક્રમે રવિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે સેકટર-૭-સી, શેઠ શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે 'સર્વધર્મ સમભાવ'નો કાર્યક્રમ યોજાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે રામ જન્મોત્સવ તથા સાંજે ૫.૦૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવ અને રાત્રે ૮.૦૦ કલાકે એકાદશીના ભજન કીર્તન યોજાશે.

● પેથાપુરના સુખડેશ્વર મહાદેવ મંદિર ખાતે અતિરૂદ્ર મહાયાગ અંતર્ગત સવારે ૧૦.૧૫ કલાકે રૂદ્ર હોમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ચ-૭ પાસે હીટ એન્ડ રન : બે વ્યકિત ઈજાગ્રસ્ત

## રિક્ષાને ટકકર મારીને ઈન્ડીકા ચાલક ફરાર

ગાંધીનગર, તા.૨૧

નગરના જોખમી ગણાતા ચ-૭ના વળાંકે શનિવાર સવારે રીક્ષાને ટકકર મારી ઈન્ડીકા ચાલક વાહન લઈ ભાગી છુટયો હતો. સદનસીબે રીક્ષામાં ચાલક અને એક મુસાફર મળી બે જ વ્યકિત હતા. જેને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઈન્ડકા કારનો નંબર ઘસાઈ ગયેલો હોવાથી પ્રત્યક્ષદર્શીઓ પણ તે નોંધી શકયા નહોતા. જો કે પળવારમાં રીક્ષા પલટી ખાઈ ગઈ હતી જેથી ભારે અકસ્માતની શંકા ઉભી થઈ હતી.

ચિલોડા તરફથી આવતી રીક્ષા નં. જીજે-૧૬-એયુ-૩૧૫૨ને નગરના ચ-૭ના વળાંકે પ્રેસ તરફથી ધમમસતી આવતી ઈન્ડીકા કારે જોરદાર ટકકર મારી હતી. ધડાકાભેર અથડાયેલી ઈન્ડીકાથી રીક્ષા પલટી ખાઈ ગઈ હતી જેથી ઘડીકભેર મોટા અકસ્માતની શકયતા લાગતા જ ત્યાંથી પસાર થતા વાહન



ચાલકો થંભી જઈ હાંફળા ફાંફળા દોડી આવ્યા હતા અને તપાસ કરતા રીક્ષા ચાલક અને અન્ય એક મુસાફર હતા જેને શરીરે સામાન્ય ઈજાઓ થઈ હતી. ઈન્ડીકા કાર ચાલક અકસ્માત સર્જી ભાગી છુટયો હતો જેનો નંબર લેવા પ્રત્યક્ષદર્શીએ પ્રયાસ કર્યો હતો. પરંતુ એમ્બ્રોસ નંબર પ્લેટ ઘસાઈ ગયેલી હોવાથી નંબર મળી શકયો નહોતો.

એકઠા થયેલા લોકોએ રીક્ષાને સીધી કરીને ઈજાગ્રસ્તોની પુછપરછ કરતાં સમાન્ય ઈજા જણાવી હતી. જો કે ચ-૭ના વળાંકે ૭ નંબરના માર્ગ ઉપર બમ્પની અતિ આવશ્યકતા હોવાનું લાગ્યું હતું. તેમજ આ માર્ગે ઓવરલોડીંગ ટ્રક, રીક્ષા, ખાનગી મુસાફરો ભરેલી જીપોની અવર જવર ખુબ જ રહે છે જેથી તંત્ર દ્વારા યોગ્ય પગલાં સત્વરે લેવાય તે ઈચ્છનીય બન્યું છે.

(તસવીર : ધર્મેન્દ્ર પ્રજાપતિ)

# ચોરીનું પલ્સર લઈને ફરતો બાઈકચોર ઝડપાયો

## સેકટર-૭ પોલીસે વાહનચેકીંગ દરમિયાન બાઈક ચોર રિક્ષા ડ્રાઈવરને પકડી પાડયો



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સેકટર-૭ પોલીસે વાહન ચેકીંગ દરમિયાન એક બાઈક ચોરને ઝડપી પાડયો છે. ચોરીના પલ્સર બાઈક લઈને નિકળેલા મહેસાણાના રહેવાસી રીક્ષા ડ્રાઈવર શખ્સને પકડી પાડીને સે-૭ પોલીસે ઝીણવટભરી પુછપરછ કરતાં સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો ગુનો ડીટેકટ થવા પામ્યો છે.

સેકટર-૭ પોલીસ મથકના ડીસ્ટાફની ટીમ વાહનચેકીંગમાં હતી તે દરમિયાન પલ્સર બાઈક નં. જીજે ૧૮ એડી-૧૩૦૨ લઈને એક શખ્સ નીકળ્યો હતો. પોલીસને આ શખ્સ પર શંકા જતા બાઈક ઉભું રખાવીને બાઈકની આરસી બુક સહિતના દસ્તાવેજો માંગ્યા હતા. બાઈક લઈને નિકળેલો શખ્સ થોથવાઈ જતા તેને પોલીસ સ્ટેશન લઈ જઈ સઘન પુછતાછ કરવામાં આવી હતી અંતે આ શખ્સે કબુલાત કરી લીધી હતી કે આ બાઈક ચોરીનું છે. મહેસાણા જિલ્લાના કડી વિસ્તારમાં રહેતા મેલાજી ઉર્ફે પીન્ટુ પોપટ ઠાકોર નામના આ શખ્સની ચોરીના બાઈક સાથે ધરપકડ કરી તેની તપાસ કરતા આ બાઈક સોલા પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયેલું હોવાનું બહાર આવ્યું છે. સે-૭ પોલીસે આરોપીની ધરપકડ કરીને સોલા પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

# જાગૃત નાગરિક પરિષદના પ્રમુખપદે જયોતિન્દ્રભાઈ દવે

ગાંધીનગર, તા.૨૧

છેલ્લા ૧૫ વર્ષથી ગાંધીનગરના જનજીવનના પ્રશ્નોના રચનાત્મક ઉકેલ માટે સતત કાર્યરત સંસ્થા ગાંધીનગર જાગૃત-નાગરિક પરિષદના પ્રમુખ તરીકે પૂર્વ અધિક માહિતી નિયામક શ્રી જયોતિન્દ્રભાઈ દવેની



વરણી થઈ છે. તાજેતરમાં સંસ્થાની મળેલી કારોબારી સમિતિમાં શ્રી જયંતભાઈ ભટ્ટ, શ્રી ભાનુપ્રસાદ પુરાણી અને અન્ય સભ્યોની દરખાસ્ત સ્વીકારીને શ્રી દવેની સર્વાનુમતિથી વરણી કરવામાં આવી છે.

આભારની લાગણી વ્યકત કરતાં શ્રી જયોતિન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે સૌને સાથે રાખીને રચનાત્મક અભિગમ સાથે ગાંધીનગરના સામાજિક વિકાસ માટે પરંપરા મુજબ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ કામ કરતી રહેશે.

નાદુરસ્ત તબિયતના કારણે પરિષદના પ્રમુખશ્રી લવજીભાઈ વાડિયાએ આપેલું રાજીનામું કારોબારી સમિતિએ સ્વીકાર્યું હતું અને તેઓશ્રીનો સુદીર્ઘ સેવાઓ માટે આભાર પ્રસ્તાવ પસાર કર્યો હતો.

## વાતવાતમાં

● સે-૨ ખાતે આયોજિત ભાગવત કથા જ્ઞાન સપ્તાહ અંતર્ગત શનિવારે રાત્રે સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ યોજાયા હતા. આ પઠનમાં નગરના ભકતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

● સે-૭ પોલીસ સ્ટેશને આજે જે પોલીસ કર્મીઓ પોતાના ટુ વ્હીલર પર હેલ્મેટ વગર આવ્યા હતા તેમને મીઠાઈ ખવડાવી હલ્મેટનો ઉપયોગ કરવા પ્રેમપૂર્વક અનુરોધ કરયો હતો. પોલીસ સ્ટેશને મ્હોં મીઠું કરાવતી આ 'ગાંધીગીરી'નો પ્રયોગ કેટલો અસરકારક નીવડે છે હવે તે જોવું રહ્યું.

● નગરમાં હ્યુન્ડાઈ મોટર્સના વિક્રેતા પંજાબ-હ્યુન્ડાઈ દ્વારા આયોજિત હાસ્યયાત્રામાં હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ શ્રોતાઓને પેટ પકડી હસાવ્યા હતા. એચડીએફસી બેંકની લોન માટેની ડ્રો સ્કીમના પ્રસંગે ઉપસ્થિત ગ્રાહકોને હાસ્યરસમાં તરબોળ કરવાનો નવતર અભિગમ શો રૂમ સંચાલકો દ્વારા અપનાવાયો હતો.

● અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ ચિંતક વકતા સ્વામી બ્રહ્મવિહારી મહારાજ શનિવારથી ગાંધીનગરના અક્ષરધામ ખાતે પધાર્યા છે. ગાંધીનગરના સુજ્ઞ નગરજનોને હજુ પણ સ્વામીજીનું ચોટદાર વકતવ્ય યાદ છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# રમેશિમ ફાઉન્ડેશન દ્વારા ગરમ કપડાના વિતરણનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબ લોકો માટે જુના ગરમ કપડા વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિયાળાના દિવસોમાં કાતિલ ઠંડીથી બચવા ગરીબ જરૂરિયતામંદ લોકોને ગરમ કપડા, ધાબળા, ગોદડીઓ વગેરેનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. નગરમાં વસતા તમામ નગરજનોને સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે કે જે લોકો તેમના જૂના ગરમ કપડાઓનું દાન કરવા ઈચ્છતા હોય તેઓએ તા. ૩૦ નવેમ્બર સુધીમાં ૯૭૨૬૩૧૫૦૨૯, ૮૪૦૧૧૪૯૧૫૭ નંબરનો સંપર્ક કરવાનો રહેશે. નગરજનોને આ સેવાભાવી કાર્યમાં સહયોગ આપવા સંસ્થાના જનરલ સેક્રેટરી વર્ષા ગુપ્તાએ જણાવ્યું છે.

# નાયી-વાળંદ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ

પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા દેવ દિવાળીના શુભ દિવસે તા. ૨૫ નવેમ્બરના રોજ લિમ્બચ માતાજી મંદિર, સે-૧૩ ખાતે માતાજીને અન્નકુટ રાજભોગ ધરાવવાનો કાર્યક્રમ યોજાશે. જે નિમિત્તે સમાજના તેજસ્વી તારલાઓને પણ સન્માનવામાં આવશે.

દેવ દિવાળી પૂનમને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે લિંબચ માતાજીને અન્નકૂટ ધરાવાશે. બપોરે ૧.૦૦ કલાકે સમાજના તેજસ્વી તારલાઓને સન્માન અને નોટબુક વિતરણનો કાર્યક્રમ, સાંજે ૫.૩૦ કલાકે અન્નકૂટ રાજભોગ ધરાવાઈ મહાઆરતી કરવામાં આવશે.નગરના તમામ ભાવિક ભકતોને દર્શનનો લાભ લેવા સમાજના ટ્રસ્ટી ભરતભાઈ સૂર્યાવાલાએ જણાવ્યું છે.

# પિડીયાટ્રીક ડેન્ટીસ્ટ ડૉ. ભૂમિ સરવૈયાને નેશનલ ડેન્ટલ એચીવર્સ દ્વારા એવોર્ડ

ગાંધીનગર, તા.૨૧

નેશનલ ડેન્ટલ એચીવર્સ ૨૦૧૫ દ્વારા અમદાવાદની યુવા પ્રતિભા



ડૉ. ભૂમિ સરવૈયાને ગુજરાતના બેસ્ટ પિડીયાટ્રીક ડેન્ટીસ્ટ ઈન ગુજરાતનો એવોર્ડ અર્પણ થયેલ છે.

અમદાવાદની ડૉ. ભૂમિ સરવૈયા ગુજરાતના પ્રથમ મહિલા પિડીયાટ્રીક ડેન્ટીસ્ટ છે. ડૉ. ભૂમિના રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના ઘણા કાર્યો પેપરના રૂપમાં પ્રકાશિત થયા છે. હાલમાં તેઓ ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી નડિયાદમાં ફેકલ્ટી ઓફ ડેન્ટલ સાયન્સ ખાતે ફેકલ્ટી તરીકે સેવા આપે છે.

ડૉ. ભૂમિ સરવૈયાએ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં બાળકોને અનુલક્ષીને રમકડાંની થીમ પર એક અનોખું ડેન્ટલ કલીનીક બનાવેલું છે.

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે વરિષ્ઠો, પેન્શનર્સ ગ્રાહક બેઠક

ગાંધીનગર, તા.૨૧

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા સાથે કસ્ટમર્સ મીટનું આયોજન બેંકના એજીએમ શ્રી વિનોદ આમલાણી દ્વારા ગાંધીનગર શહેર વસાહત મંડળ, પેન્શનર્સ ફેડરેશન, જાગૃત નાગરિક પરિષદ તથા સીનીયર સીટીઝન્સ કાઉન્સીલના સહકારથી તા. ૨૪મી નવેમ્બરના સાંજે સાડા પાંચ વાગે બેઠક યોજવામાં આવેલ છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખામાં ખાતું ધરાવતા ગ્રાહકોની રજુઆતો, સુચનો મુદ્દાસર તે અગાઉ સ્ટેટ બેંકના જનરલ મેનેજરશ્રીને પહોંચતા કરવા જણાવવામાં આવે છે.

આ ગ્રાહક મીલનમાં બેંકના ખાતેદારો, સીનીયર સીટીઝન, પેન્શનર્સ સહીત સૌને સુચનો કરવા માટે શહેર વસાહત મહામંડળ ગાંધીનગરના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચે જણાવેલ છે.

# વર્ષ ૨૦૧૭ સુધીમાં એક હજાર ગ્રીન સ્કૂલ્સના સંકલ્પ સાથે આઈજીબીસીનું સમાપન

## હરિયાળા અને તંદુરસ્ત ભારતના નિર્માણ માટે મેતૃત્વ પૂરૂ પાડવા યુવા માનસને પ્રેરવુ જરૂરી

ગાંધીનગર, તા. ૨૧

આઈજીબીસી દ્વારા આયોજીત ઈન્ટરનેશનલ ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસના કોન્ફરન્સનો ત્રીજા અને આખરી દિવસનું અત્યંત મહત્વાકાંક્ષા સાથે સમાપન થયુંહતુંઅને તેમાં યુવા માનસને હરિયાળા નિર્માણ તરફી દોરી જવાનુ વલણ દાખવવા અનુરોધ કરાયો હતો અને એ માટે પ્રોત્સાહિત કરવા બાબતે ચર્ચા થઈ હતી. દેશના વિવિધ ભાગોમાં આવેલી શાળાઓ અને સ્થાપત્યની કોલેજોના વિદ્યાર્થીઓને એવાર્ડ એનાયત કરાયા હતા.

યુવા વર્ગ સુધી પહોંચીને તથા સહયોગીઓ સાથે મળીને આઈજીબીસી ગ્રીન રેટીંગ સિસ્ટમ હેઠળ વર્શ ૨૦૧૭ સુધીમાં ૧૦૦ ગ્રીન શાળાઓ સ્થાપવા પ્રયાસ કરી રહી છે. ગ્રીન સ્કૂલ્સથી ઉર્જા અને પાણીની બચત તો થશે જ પણ સાથે સાથે બાળકોને પર્યાવરણ પ્રત્યે અને પૃથ્વી પ્રત્યે સંવેદનશીલ બનાવી શકાશે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) ના ચેરમેન ડો. કે. યુ. મિસ્ત્રીએ કહ્યુંકે, "ગુજરાત સરકાર ગ્રીન બિલ્ડીંગ્ઝને પ્રોત્સાહન માટે તમામ સહાય કરશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ગાંધીનગર ઓફિસ સંપૂર્ણ પણ સૌર ઉર્જા દ્વારા ચાલે છે. અને તે આઈજીબીસી પ્રમાણિત ગ્રીન બિલ્ડીંગ છે." ડો. મિસ્ત્રીએ બિલ્ડીંગ્ઝના સલામતિના પાસા ઉપર વધુ ધ્યાન આપવાની તથા બાંધકામમાં કામ કરતા કામદારોના કલ્યાણ અંગે પણ જરૂરિયાત દર્શાવી જણાવ્યું કે ગ્રીન બિલ્ડીંગ્ઝની




ડિઝાઈનમાં સલામતિ અને આરોગ્યના પાસા તરફ પણ ધ્યાન આપવું જોઈએ.

આઈજીબીસીના ચેરમેન ડો. પ્રેમ જૈને જણાવ્યું કે, "એક રાષ્ટ્ર તરીકે આપણે જેમ વિકાસ કરતા જઈએ તેમ આપણો મુખ્ય મુદ્દો ધરતી માતાની સુરક્ષાનો હોવો જોઈએ. આઈજીબીસી તમામ સહયોગીઓના ટેકાથી ૩.૧૪ અબજ ચો. ફૂટ રજીસ્ટર્ડ ગ્રીન બિલ્ડીંગ્ઝ દ્વારા વિશ્વમાં બીજા નંબરનુ સ્થાન ધરાવે છે તેવી માહિતી આપતાં ડો. જૈને યુવા વર્ગને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦ અબજ ચો. ફૂટ ગ્રીન બીલ્ડીંગના નિર્માણમાં ભારતનું સ્થાન આગળ ધપાવવા જણાવ્યું હતું.

આઈજીબીસીના અમદાવાદ ચેપ્ટરના ચેરમેન શ્રી સમીર સિંહાએ જણાવ્યું કે, "સુસંકલિત પ્રયાસો દ્વારા આઈજીબીસી ગ્રીન બીલ્ડીંગ્ઝની માંગ ઉભી કરી શકે છે. આગામી દિવસોમાં ગ્રીન બીલ્ડીંગ્ઝની માંગ અનેક ઘણી વધી જશે."

ગ્રીન બિલ્ડીંગ્ઝ કોંગ્રેસ - ૨૦૧૫ના સફળ સમાપન બદલ તમામ સહયોગીઓનો આભાર માનતાં શ્રી સીંહાએ વિવિધ સરકારી વિભાગો દ્વારા મળેલા ભારે સહયોગની સરાહના કરી હતી. આ સમારંભમાં વિદ્યાર્થીઓની ભૂમિકાને પણ તેમણે બિરદાવી હતી. આઈજીબીસીના કો-ચેર શ્રી જયેશ હરિયાણીએ સમાપન પ્રવચન કર્યું હતું.

# આજે સે-૩-એ ન્યુ ખાતે તુલસી વિવાહ

ગાંધીનગર, તા.૨૧

ગં. સ્વ. રમાગૌરી શુકલ પરિવાર દ્વારા તા. ૨૨ નવેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ કલાકે તારામૃત કુંજ, પ્લોટ નં. ૩/૨, સે-૩-એ ન્યુ ખાતે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગણેશ સ્થાપન મંડપ મુર્હુત સવારે ૮.૦૦ કલાકે, ગ્રહશાંતિ સવારે ૮.૪૫ કલાકે તેમજ તુલસી વિવાહ સવારે ૧૦.૩૦ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે માતાજીના ગુણગાન કલાબેન પંચાલ ગીત ગુંજન કરી માતાજીને રીઝવશે. તુલસી વિવાહનો નગરના તમામ ભાવિક ભકતોને લાભ લેવા દિલીપ શુકલ અને કિરણબેન શુકલે પધારવા અનુરોધ કર્યો છે.

# ઘરકામ કરતા કામવાળાઓથી ત્રાસી નગરજનો મશીનોના શરણે

## કામવાળી મહિલાઓ-ઘરઘાટીઓની મનમાની તથા વારંવાર બેફામ ભાવ વધારાથી ત્રસ્ત ઘર માલિકોએ મશીનો વસાવવાનું મુનાસીબ માન્યું : દિવાળીમાં સૌથી વધુ ઈલેકટ્રોનીકસ ચીજવસ્તુઓનું વેચાણ : પરિસ્થિતિ સમજી ગયેલા કામવાળાઓએ પોતાનું વલણ નરમ કરી ભાવ ઘટાડો કરવા માંડયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટરો ઉપરાંત ગુડા વિસ્તારોમાં ઘરકામ કરતા ઘરઘાટી નોકરોની મનમાની વધતા નગરના કામે રાખનાર રહીશો ત્રસ્ત થઈ જવા પામ્યા છે. ઘરકામ કરનારા શ્રમિક પુરુષ-મહિલાઓએ તેમના ભાવોમાં અસહ્ય વધારો કરી દેતા અનેક રહીશોએ કામ છોડાવી વિવિધ મશીનો વસાવી લેવાનું મુનાસીબ માન્યું છે જેના કારણે ઘણા ઘરઘાટીઓની સાન ઠેકાણે આવતા પોતાના ભાવ અને વલણ સાથે બાંધછોડ કરવાનો પ્રારંભ કર્યો છે.

ગાંધીનગર એક કર્મચારીનગર હોઈ અહીં મોટા ભાગના રહીશો સરકારી કર્મચારીઓ છે. ખૂબ મોટા પ્રમાણમાં અહીં એવા કુટુંબો વસે છે જેમાં પતિ-પત્નિ બંને સરકારી નોકરી કે વ્યવસાય કરે છે જેના કારણે ઘરકામ કરવાળા શ્રમિકોની માંગ ઉંચી રહે છે. આ પરિસ્થિતિના કારણે શ્રમિકો હંમેશા તેમની મનમાની કરતા આવ્યા છે. છાશવારે પગાર વધારો કરવો, જાણ કર્યા વગર રજા પાડી દેવી, વધુ પડતી રજાઓ પાડવા છતાં મહેનતાણામાં કપાત નહી કરવા દેવી, એક સમયનું જમવાનું અથવા ચા નાસ્તો માંગવો, વારંવાર પૈસા ઉછીના એડવાન્સ લઈ જવા અને પછી હપ્તે હપ્તે કપાવવાની જીદ કરવી, જો ઘરમાલિક કામ છોડાવે તો અન્ય કામવાળાને ત્યાં કામે આવવા નહીં દઈ દાદાગીરી કરવી જેવી મનમાનીઓ કરતા રહ્યા છે. વળી કામમાં પણ ભલીવાર લાવવો નહીં છતા વારે તહેવારે બક્ષીસ-ભેટ-બોનસ વગેરેની માંગણી કરવી તથા સમયસર કામ પુરું ના કરવું જેવી હેરાનગતિઓ પણ ઘરમાલિકોને ભોગવવી પડે છે. તાજેતરમાં સાતમા પગારપંચની વાતો



ચર્ચાતા જ આ કામવાળાઓએ ફરી એકવાર તેમના ભાવોમાં ધરખમ વધારો માંગવાનું ચાલુ કરી દીધું છે. સરકારી અધિકારીઓ-કર્મચારીઓ જેમને આ પગાર પંચનો લાભ મળે છે તેમને તો ઠીક પણ ખાનગી કંપની, દુકાનો કે પેઢી પર નોકરી-વ્યવસાય કરતા ઘરમાલિકોને પણ એક જ લાકડીએ હાંકતા તેમણે ધરાર ભાવવધારો માંગ્યો છે.

કામવાળાઓ જેમાં મોટે ભાગે મહિલાઓ અને પુરુષો (પરપ્રાંતીય રામલાઓ)નો સમાવેશ થાય છે તેમની આવી અયોગ્ય માંગણીઓ વધતા નગરના ઘરમાલિકોએ વૈકલ્પિક રસ્તાઓ શોધવાનું ચાલુ કરી દીધું છે. વૈકલ્પિક ઉપાયોમાં સૌથી વધુ પ્રચલિત રસ્તો એ છે કે આ ઘરમાલિકોએ ઘરકામ માટે વપરાતા મશીનો જેવા કે ઓટોમેટીક વોશીંગમશીન, ડીશ વૉશર, મેજીક મોપ, વેકયુમ કલીનર, ઓવન વગેરેને ખરીદી તેનો ઉપયોગ કરવાનું ચાલુ કરવા માંડયું છે. આ મશીનોની એક જ વાર ખરીદી કરી પછી કાયમી ઉપયોગ કરી શકાતો હોવાથી સરવાળે કામવાળાના પગાર સામે ઘણું સસ્તું પડી રહ્યું હોવાથી હવે ઘરમાલિકો લાંબો સમય ઘરકામ કરવાવાળાની મનમાની સહન કરવા તૈયાર નથી. હવે તો ઈ-કોમર્સ વેબસાઈટ દ્વારા ઓનલાઈન ખરીદીમાં ઈલેકટ્રોનીકસ ચીજવસ્તુઓ સસ્તી મળતી હોઈ વળી તેમાં હપ્તાથી ચુકવણીનો વિકલ્પ પણ મળતો હોઈ આ પ્રકારનું વલણ વધતું જોવા મળી રહ્યું છે. આ વલણના કારણે આ વર્ષે દિવાળીના સમયે ઈલેકટ્રોનીકસ બજારમાં સૌથી વધુ વેચાણ થયાના આંકડા નોંધાવા પામ્યા છે.

જે કામવાળાઓ સમજુ અને પોતાના ધંધા રોજગારીની ચિંતા કરવાવાળા હતા તેમણે પરિસ્થિતિ ભાપી હવે પોતાના વલણમાં નરમાશ લાવી દીધી છે. એટલું જ નહીં પરંતુ તેમણે પોતના કામના ભાવોમાં વધારાના બદલે ડિસ્કાઉન્ટ ઓફર કરી ઘટાડો કરી 'ઘરાક' સાચવી લેવાનું વધુ મુનાસીબ માન્યું છે.

# સ્માર્ટ સીટી અંગે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ સમુહ ચિંતન કરશે

ગાંધીનગર, તા.૨૧

પાટનગરના સમાજ જીવનની સુવિધાના વિવિધ ક્ષેત્રોનો સમાવેશ સ્માર્ટ સીટી યોજનામાં થાય તે હેતુથી શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ સમુહ ચિંતન કરી શકે તે માટે જાગૃત નાગરિક પરિષદ એક કાર્યક્રમનું આયોજન કરશે.

તાજેતરમાં યોજાયેલી જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. પરિષદના કાર્યકારી પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરોહિતે બેઠકમાં સુચવ્યું હતું કે ગાંધીનગરના લોકોનું પ્રતિનિધિત્વ કરતી જાગૃત નાગરિક પરિષદે સ્માર્ટ સીટીના આયોજનમાં લોકોની ઈચ્છાનો સમાવેશ થાય તેની જવાબદારી સ્વીકારીને તમામ સંસ્થાઓના સુચનો મેળવવા એક કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ.

પરિષદના વરીષ્ઠ આગેવાન શ્રી જયંતિભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે અદ્યતન અને સરળ જાહેર વાહન વ્યવહાર એ સ્માર્ટ સીટીની પ્રથમ જરૂરિયાત છે. પર્યાવરણની જાળવણી સાથે, ઓછા ખર્ચે અમલમાં મુકી શકાય તેવી એલઆરટીએસ રેલવેની યોજનાની વિગતો તેમણે આપી હતી અને આ અંગેના નિષ્ણાતો પણ ગાંધીનગર પાસે છે તેમ જણાવ્યું હતું.

ભારત સરકારની સ્માર્ટ સીટી યોજનામાં ગાંધીનગર શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા આ અંગેના સૂચનો મેળવવા પ્રયત્ન કરી રહી છે.

પાટનગરની સ્વૈચ્છિક સંસ્થાના સંયુકત કાર્યક્રમમાં નિષ્ણાતોના વકતવ્યોનું આયોજન કરવામાં આવશે. નાગરિકોને પણ સહભાગી બનાવવામાં આવશે તેમ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખશ્રી જયોતિન્દ્રભાઈ દવેએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા કેશરબા પ્રતાપજી, ઉ.વ. ૮૦
- સ્વ. રણછોડભાઈ દલાભાઈ મારૂ, ઉ.વ.૫૫
- સ્વ. શકરીબેન રામદાસ પ્રજાપતિ, ઉ.વ. ૮૫